NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી–૩૯૬ ૪૫૦.

**વંચાણમાં લીધાઃ–**

૧: અત્રેની કચેરીનાં પરિપત્ર જા.નં. નકૃયુ/વવહિઅધિ/બી.૭.૧/ડિપોઝીટ ફોરફીટ/ **૧૫૯૦** /૨૦૧૬ તારીખઃ–૭.૫. ૨૦૧૬.

## પરિપત્ર

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કચેરી વડા તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધેલ પરિપત્રથી ગુજરાત તિજોરી નિયમો ૨૦૦૨ ના નિયમ ૩૮૬ અન્વયે કોઈપણ પ્રકારની લેવામાં આવતી ડિપોઝીટ વધુમાં વધુ ત્રણ વર્ષ સુધી જમા રાખવાની થયેલ જોગવાઈને ધ્યાને લઈ તેમજ એ.જી.અમદાવાદ તેમજ લોકલ ફંડ ઓડિટ તરફથી ત્રણ વર્ષ અગાઉની તમામ પડતર ડિપોઝીટો યુનિવર્સિટી ફંડમાં જમા લેવા માટે આપેલ વાંધાને ધ્યાને લઈ ત્રણ વર્ષ અગાઉની તમામ ડિપોઝીટો રેકર્ડ આધારિત ચકાસણી કરી, ચુકવણું કરવાનું થતુ હોય તો દિન–૧૦ માં યોગ્ય કાર્યવાહી પુરી કરી ચુકવણું કરી દેવા માટે જણાવવામાં આવેલ પરંતુ હજુ સુધી ઘણી ખરી કચેરીઓ તરફથી કોઈ જ કાર્યવાહી કરવામાં આવેલ નથી જે યોગ્ય નથી.

વધુમાં વંચાણે લીધેલ પરિપત્રની સાથે સામેલ રાખેલ પત્રક મુજબની ડિપોઝીટ પૈકી ટેન્ડરમાં દર્શાવવામાં આવેલ કલોઝ પ્રમાણે જો કોઈ ડિપોઝીટ ત્રણ વર્ષથી વધુ સમય માટે જમા રાખવાની થતી હોય તો જરુરી આધાર પુરાવા સહિત અત્રેની કચેરીને જાણ કરવા માટે જણાવવામાં આવેલ પરંતુ હજુ સુધી કોઈ જ કચેરી તરફથી અત્રેની કચેરીને જરુરી જાણ કરવામાં આવેલ નથી. જેથી અગાઉની જુદી જુદી પડતર ડિપોઝીટો રેકર્ડ આધારિત ચકાસણી કરી ચુકવણું કરી દેવા માટેની મુદત તા.૧૦.૬.૨૦૧૬ સુધી વધારી જરૂરી કાર્યવાહી પુર્ણ કરી દેવા જણાવવામાં આવે છે. જો ઉકત સમયગાળા દરમ્યાન ડિપોઝીટો ચુકવવા બાબતે કોઈ જ કાર્યવાહી હાથ ધરવામાં આવશે નહીં તો તમામ ડિપોઝીટો ફોરફીટ કરી યુનિવર્સિટી ફંડમાં જમા કરાવી દેવામાં આવશે. જેથી ભવિષ્યમાં જો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સઘળી જવાબદારી આપની કચેરીની રહેશે જેની નોંધ લેવી.

ઉપરોકત પરિપત્ર હિસાબ નિયામકશ્રીની મંજુરી મેળવીને બહાર પાડવામાં આવે છે.

વહીવટી વ હિસાબી અધિકારી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી.

જા.નં. નકૃયુ/વવહિઅધિ/બી.૭.૧/ડિપોઝીટ ફોરફીટ/ ૧૬૭૦ /૨૦૧૬
નવસારી. તારીખઃ–૩૦.૫. ૨૦૧૬.

**નકલ સવિનય રવાનાઃ**

૧: તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ
૨: તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીઓશ્રીઓ, ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા યોગ્ય અમલ થવા સારુ.